વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

નિર્મલાબેન નવનીતલાલ શાહ
(૧૯૪૦)ફોન : ૨૩૨૬૦૦૩૭

ફાયરિંગ બેટમાં ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન અનધિકૃત પ્રવેશ નહિ કરવા તાકિદ

ગાંધીનગર, તા.૧૪

મોજે માધવગઢ તાલુકો ગાંધીનગર ખાતે આવેલ સર્વે નંબર ૩૬૦,૩૬૧ ની જમીન સી.આર.પી.એફ ગાંધીનગરને ફાળવેલ છે. જેમાં ફાયરિંગ બટ આવેલ છે. આ બટની ચારે બાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તા.૨૦/૦૫/૨૦૧૨ તથા તા. ૨૬/૦૫/૨૦૧૨ મળી કુલ - ૦૨ દિવસના સમયગાળા દરમ્યાન સવારના ૬.૦૦ થી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમ્યાન ફાયરિંગ પ્રેક્ટિસ થવાની હોઇ, ઉક્ત સમય દરમ્યાન બટની આજુબાજુના રહીશો તેમજ બહારની કોઇપણ અનઅધિકૃત વ્યકિતઓને નિયત જમીનની હદમાં -વેશ નહીં કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે

પોલીસ વર્ધીની ઈજ્જત વધારીએ : નરેન્દ્ર મોદી

પોલીસ સેવામાં જોડાયેલા નવપ્રશિક્ષિત ૩૮૭ પોલીસ અધિકારીઓની શાનદાર દિશાન્ત પરેડ

ગાંધીનગર, તા.૧૪

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત પોલીસ અકાદમી-કરાઇમાં, નવપ્રશિક્ષિત એવા ૩૮૭ અધિકારીઓની શાનદાર દિક્ષાન્ત પરેડનું સલામી



નિરીક્ષણ કરતાં, પોલીસ સેવામાં આજથી પદાર્પણ કરી રહેલા આ અધિકારીઓ અને જોમ-જૂસ્સાથી તરવરતા પોલીસકર્મી યુવક-યુવતિઓને, સામાન્ય નાગરિકની સલામતી માટેનું ઉત્તમ દાયિત્વ નિભાવીને પોલીસવર્દીની ઈજ્જત વધારવા પ્રેરક આહ્વાન કર્યું હતું.

ગુજરાતની સ્થાપના પછી પહેલીવાર ૨૦ મહિલા સહિત ૬૧ જેટલા સીધી ભરતીના નાયબ પોલીસ અધિક્ષકો, ૧૭૭ પોલીસ સબ-ઇન્સ્પેકટર્સ, ૧૧૬ મહિલા લોકરક્ષક અને ભારતમાં પણ પ્રથમવાર ગુજરાત સરકારે શરૂ કરેલી ગુઝચર પોલીસ કેડરમાં જોડાયેલા ૩૩ ઇન્ટેલિજન્સ ઓફિસરોની તાલીમાર્થી બેચનો આજે દિક્ષાન્ત પરેડ સમારોહ કરાઇની પોલીસ અકાદમીમાં સંપન્ન થયો હતો.

શિસ્તબધ્ધ ચૂસ્તી-સ્ફૂર્તિ સાથેની આ ગરિમામય દિક્ષાન્ત પરેડ રાષ્ટ્રીય ત્રિરંગા ધ્વજની નિશ્રામાં યોજાઇ તેની સલામી ઝીલતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ત્રિરંગો એ તો ૧૨૦ કરોડ ભારતવાસીઓની પ્રાણશકિત છે અને એના રખેવાળ તરીકે શપથ લઇને સમાજ અને રાષ્ટ્રની સુરક્ષા માટે જીવન સમર્પિત કરીએ.

ગુજરાત પોલીસદળમાં ખૂબ જ ટૂંકાસમયમાં ૨૬,૦૦૦ પોલીસોની વિવિધ કેડરોમાં પારદર્શી ધોરણે ભરતી થઈ છે અને તેમાં તબીબો, ઈજનેરો, અનુસ્નાતકો અને સાહસિક કન્યાઓએ જાહેર સલામતીના આ પડકારરૂપ ક્ષેત્રને કારકિર્દી તરીકે પસંદગી આપી તેની પ્રસંશા કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતનું પોલીસદળ આજે હિન્દુસ્તાનનું સૌથી યુવા પોલીસ દળ બની ગયું છે, એટલું જ નહીં, કોમ્પ્યુટર અને ટેકનોસેવી એવા ટેકનીકલ કૌશલ્ય ધરાવતા યુવાનો પોલીસ સેવામાં જોડાયા છે.

ભારતમાં સૌપ્રથમવાર ગુજરાત સરકારે ગુઝચર તંત્રની સેવાઓમાં અલગ કેડર ઉભી કરી છે અને તેની પ્રથમ તાલીમ બેચમાં ૩૩ જેટલા ઈન્ટેલીજન્સ ઓફિસરો પણ આ પાસીંગ આઉટ પરેડમાંથી ગુજરાત પોલીસના ગુઝચર તંત્રની સેવાઓમાં પોતાના ઉત્તમ કૌશલ્યનું યોગદાન આપવાના છે તેને આવકારતાં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું કે સમગ્ર સુરક્ષાના ક્ષેત્રમાં ગુઝચરતંત્રનું સર્વાધિક મહત્વ છે, પરંતુ કમનસિબે ઈન્ટેલીજન્સ પોલીસ સેવાનું ક્ષેત્ર ઉદાસિન અને ઉપેક્ષિત જ રહ્યું છે. ગુજરાતે આગવી પહેલ કરીને જેમને આ ક્ષેત્રમાં સેવા-કૌશલ્ય બતાવવું છે તેને કારકિર્દી ઘડવાનો અવસર આપ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુઝચર સેવાઓ સમગ્ર સુરક્ષા ક્ષેત્રની પ્રાણશકિત બને તેવી અપેક્ષા ઈન્ટેલીજન્સ ઓફિસરો પાસે રાખી હતી અને એમ પણ જણાવ્યું કે ગુજરાતમાં પરિવારોની કન્યાઓ પણ જાંબાઝ પોલીસ સેવાઓ માટે ગણવેશમાં જોડાઈને પોલીસદળને નવી શકિત પૂરી પાડી રહી છે.

ગુઝચરતંત્રના પોલીસ કર્મીઓને પરદા પાછળના કૌશલ્યવાન ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુઝચર સેવાના કર્મીઓ પોલીસની વર્દી નથી પહેરતા પરંતુ સમગ્રતયા પોલીસવર્દીની ઈજ્જત વધારી શકે છે.

ગુજરાત સરકારે પોલીસતંત્રની સુરક્ષા સેવાઓને આધુનિક ઓપ આપવા રાજયની રક્ષાશકિત યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને ગુજરાત લો યુનિવર્સિટીના અભ્યાસક્રમો સાથે સંયોજન કર્યું છે કારણ કે સમાજ અને રાષ્ટ્રના જીવનમાં ગુજરાત શાંતિ અને સલામતીની દ્રષ્ટિએ શિરમોર બની રહેવા પ્રતિબધ્ધ છે.

સાહસ-શૌર્ય, તબીબી અને સેવા/જાહેર સુખાકારી ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારને એવોર્ડ-૨૦૧૧ : સંબંધિત નાગરિકોએ અરજી કરવી

ગાંધીનગર, તા.૧૪

કોઈપણ પ્રકારનો બદલો કે વળતર મેળવવાની આશા રાખ્યા વિના માનવ સમાજ સેવાના ઉદ્દેશથી સાહસ-શૌર્ય, તબીબી અને સેવા જાહેરસુખાકારી ક્ષેત્રોમાં નોંધપાત્ર સેવાની કામગીરી કરી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેવા ગુજરાત રાજ્યના કોઈપણ વ્યક્તિનું પ્રતિવર્ષે રાજ્ય સરકાર દ્વારા સન્માન કરી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૦-૧૨-૨૦૧૧ દરમિયાન આ પ્રમાણેના કોઈ ક્ષેત્રમાં જે કોઈ વ્યક્તિએ વિશિષ્ટ કામ કરેલ હોય તેઓ આ એવોર્ડ માટે અરજી કરવાને પાત્ર છે. આ અંગેનું અરજીફોર્મ માટે સંબંધિત જિલ્લાના જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અથવા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો સંપર્ક સાધવાથી પ્રાપ્ત થશે. અરજદારોએ સંપૂર્ણ વિગતો સાથેના નિયત અરજીપત્રકો તા. ૩૦-૫-૨૦૧૨ સુધીમાં સંબંધિત જિલ્લા રમતગમત અધિકારીને મોકલી આપવાના રહેશે.

ગ્લોબલ પ્રોજેક્ટ પ્લાઝા કાર્યક્રમમાં ભાગ લેવા રાજ્ય સરકારના અધિકારી સીઓલ જશે

ગાંધીનગર, તા. ૧૪

સાઉથ કોરીયાના સીઓલ ખાતે યોજાનાર ગ્લોબલ પ્રોજેક્ટ પ્લાઝા કાર્યક્રમમાં ભાગ લેવા ગુજરાતના પ્રતિનિધિ તરીકે જી.આઈ.ડી.બી.ના એક અધિકારીને સીઓલ મોકલવામાં આવનાર છે.

સાઉથ કોરીયાના સીઓલ ખાતે આગામી ૩૦મી મે થી ૧લી જૂન ૨૦૧૨ દરમ્યાન કોરીઆ ટ્રેડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી દ્વારા ગ્લોબલ પ્રોજેક્ટ પ્લાઝા કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમ આંતરમાળખાકીય પ્રોજેક્ટો માટે યોજાનાર છે.

સીઓલ ખાતે આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે યોજાનાર ગ્લોબલ પ્રોજેક્ટ પ્લાઝા કાર્યક્રમમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડના સીનીયર મેનેજ દિલીપ બ્રહ્મભટ્ટને સીઓલ મોકલવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

જીઆઈડીબીના સીનીયર મેનેજર દિલીપ બ્રહ્મભટ્ટ ગ્લોબલ પ્રોજેક્ટ પ્લાઝા કાર્યક્રમમાં ભાગ લેવા માટે આગામી ૩૦મી મે થી ૧લી જૂન-૨૦૧૨ સુધી સીઓલના પ્રવાસે જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ ડીએમઆઈડીસી પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં પણ કેટલીક આંતરમાળખાકીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર હોઈ સિઓલ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં રજુ થનાર આંતરમાળખાકીય પ્રોજેક્ટો અંગેનો અભ્યાસ કરશે અને તે ગુજરાતમાં શક્ય છે કે નહી તેનો પણ અભ્યાસ કરીને પોતાનો અહેવાલ તૈયાર કરી રાજ્ય સરકારને સુપરત કરશે.

શબ્દાવલી - ૪૭૩૦



આડી ચાવી

૧. શાકભાજી વેચવાવાળો (૩)
૩. તાલુકો, જિલ્લાથી નાનો વિભાગ (૪)
૪. સ્વર્ગ, હેવન (૩)
૫. જિંદગી (૩)
૬. નર્ક, દોઝખ (૩)
૯. વેરણ છેરણ (૫)
૧૧. ખુબ સરસ (૫)
૧૨. તેજ, ગરમ (૨)
૧૩. સ્વ, ખુદ માટે, ... માટે (૨)
૧૪. ઊંડું ના હોય તેવું (૩)
૧૬. પૈસા ધરાવે તે (૩)
૧૭. 'જવનિકા' શબ્દ આડોઅવળો (૪)

ઊભી ચાવી

૧. કડુકડીયાનું જેવું કડવું ઔષધ (૪)
૨. જોજન, લંબાઈનું માપ (૩)
૩. લાજ (૨)
૬. નવું હોય તેવું (૩)
૭. ભુલેચુકે (૨)
૮. કર ભરનાર (૪)
૯. તુરિયા-ગલકા વગેરે.... ઉપર થાય (૨)
૧૦. રતાશ પડતું, ... મડુ (૨)
૧૧. આગળનું, ટોચનું (૨)
૧૨. સાગર, સમુદ્ર (૩)
૧૩. પોતાના સ્વજન (૩)
૧૪. ખમણીથી ખમણેલું ખમણ (૨)
૧૫. રૂઝાવું તે (૨)

શબ્દાવલી ૪૭૨૯ના જવાબ

આડી ચાવી :- (૧) આગોતરા (૪) ગલકા (૭) ગજબ (૮) બાટ (૯) ગારૂડી (૧૦) લાડલુ (૧૧) મુકાબલો (૧૪) વકરેલું (૧૫) વાન (૧૮) લીન (૧૯) ગજ (૨૦) શ્વાન (૨૧) પાદર (૨૨) અગવડતા

ઊભી ચાવી :- (૧) આગગાડી (૨) તગડી મુક (૩) રાજ (૫) લબાડ (૬) કાટલુ (૧૦) લાલો (૧૨) કારેલીબાગ (૧૩) બલૂન (૧૫) વાગદત્તા (૧૬) નજર (૧૭) વિશ્વાસ (૨૧) પાડ

રાજ્યમાં ૬૧ અજમાયશી નાયબ પોલીસ અધિક્ષકની નિમણુંક

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ ગુજરાત મુલ્કીસેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામોના આધારે નિમણુંકના આદેશ કરાયા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યા માટેની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારધારી) વર્ગ-૧ની જગ્યાઓ પર નિમણુંક માટે ફાળવણી કરેલ ઉમેદવારોને બે વર્ષની અજમાયશી નિમણુંકના આદેશ સંદર્ભેથી કરવામાં આવેલ હતા. આ અન્વયે અજમાયસી નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજમાં જોડાયેલા અને હાલ પોલીસ એકેડમી કરાઈ ખાતે ૧ વર્ષની તાલીમ પૂર્ણ કરનાર ૬૧ નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓને આઉટડોર (ફિલ્ડ) તાલીમ માટે નીચે મુજબના રાજ્યના અલગ અલગ જિલ્લા તથા શહેરમાં ફાળવણી કરવામાં આવી છે.

ઉમેદવારનું નામ	ફિલ્ડ તાલીમ માટે ફાળવણીનો જિલ્લો/શહેર	ઉમેદવારનું નામ	ફિલ્ડ તાલીમ માટે ફાળવણીનો જિલ્લો/શહેર
મનોહરસિંહ એન. જાડેજા	બનાસકાંઠા	લખધીરસિંહ એ. ઝાલા	અમદાવાદ શહેર
તેજસકુમાર વિ. પટેલ	જામનગર	નરેશકુમાર એમ. કણઝરીયા	ભરૂચ
રાહુલ બી. પટેલ	આણંદ	ફાલ્ગુનીબેન આર. પટેલ	આણંદ
જયદીપસિંહ ડી. જાડેજા	જુનાગઢ	બન્નો ડી. જોષી	રાજકોટ ગ્રામ્ય
એન્ડ્રુસ મેકવાન	રાજકોટ ગ્રામ્ય	જગદીશ એમ. ચાવડા	સુરશ ગ્રામ્ય
હિમાંશુ આઈ. સોલંકી	ભાવનગર	જશુભાઈ એન. દેસાઈ	ભુજ-કચ્છ
વિજય જે. પટેલ	બનાસકાંઠા	હેતલ સી. પટેલ	સુરત ગ્રામ્ય
ભગીરથસિંહ યુ. જાડેજા	ભાવનગર	અમીતા કે. વાનાણી	મહેસાણા
રાજેશકુમાર એચ. ગઢીયા	પોરબંદર	વસંતકુમાર ખોડીદાસ નાથી	ભૂજ-કચ્છ
પન્ના નીતિન મોમાયા	ભાવનગર	રાજદિપસિંહ એન. લકૂમ	આણંદ
રવિરાજસિંહ એસ. જાડેજા	દાહોદ	ભરતકુમાર બી. રાઠોડ	સુરત શહેર
હર્ષદકુમાર કે. પટેલ	વડોદરા ગ્રામ્ય	પ્રફુલ્લ વી. વાણીયા	મહેસાણા
મુકેશકુમાર એન. પટેલ	વલસાડ	રાજેશકુમાર ટી. પરમાર	જામનગર
ચિંતન જે. ભેરૈયા	અમદાવાદ ગ્રામ્ય	રાકેશ ડી. દેસાઈ	સૂરત શહેર
ભગીરથ તખતદાન ગઢવી	અમદાવાદ શહેર	હરેશકુમાર ડી. મેવાડા	તાપી
ઉમેશકુમાર આર. પટેલ	ખેડા	ભરતસંગ એમ. ટાંક	વલસાડ
રાજદિપસિંહ એન. ઝાલા	નર્મદા	જુલી સી. કોઠીયા	જૂનાગઢ
હરપાલસિંહ એમ. જાડેજા	વડોદરા ગ્રામ્ય	તેજલ સી. પટેલ	સુરેન્દ્રનગર
હરેશભાઈ એમ. દૂધાત	સુરેન્દ્રનગર	કોમલબેન જે. દવે	ગાંધીનગર
હર્ષદભાઈ બી. મહેતા	જામનગર	મનજીતા કાળુજી વણઝારા	અમદાવાદ ગ્રામ્ય
કિશોરભાઈ કે. બબોલીયા	નવસારી	મેઘા આર. તેવાર	વડોદરા ગ્રામ્ય
જયરાજસિંહ વિ. વાળા	પાટણ	અર્પીતા સી. પટેલ	અમદાવાદ ગ્રામ્ય
ચિરાગકુમાર આઈ. પટેલ	ગાંધીધામ- કચ્છ	રૂપલબેન ખેંગારભાઈ મકવાણા	પાટણ
પિનાકીન એસ. પરમાર	વડોદરા શહેર	ભારતી જે. પંડ્યા	ખેડા
ઋષિકેશ બી. ઉપાધ્યાય	ગાંધીધામ -કચ્છ	શ્રૃતિ એસ. મહેતા	બનાસકાંઠા
યુવરાજસિંહ જેમુભા જાડેજા	વડોદરા શહેર	નીતાબેન એચ. દેસાઈ	ભરૂચ
બળદેવભાઈ સી. દેસાઈ	સાબરકાંઠા	શ્રેયા જે. પરમાર	અમરેલી
ગૌરવ જી. જસાણી	જૂનાગઢ	જ્યોતી પી. પટેલ	ગાંધીનગર
ઈમ્તીયાઝ ગુલામમહીયુદ્દીન શેખ	અમરેલી	ભક્તિબા એ. ડાભી	સાબરકાંઠા
બલદેવસિંહ ચંદુજી વાઘેલા	ગોધરા	રીમા એમ. મુન્શી	અમદાવાદ શહેર

સમાચાર ઝલક

- અંબાજી પાસેના ત્રિશુળીયા ઘાટ પર બે અકસ્માતમાં ૩નાં મોત : ૪૪ ઘાયલ.
- આઇ.જી. કક્ષાએ ચૂંટણીલક્ષી ફેરફારોની જોરદાર ચર્ચા, શ્રી કે. ડી. પાટિયા એડીશનલ ડી.જી.પી. બનાવી ખાસ કિસ્સામાં બઢતી, જૂનમાં નિવૃત્ત થશે.
- યોગગુરૂ રામદેવજી રાજકારણી બન્યા : મુસ્લિમોની અનામત તરફી રેકર્ડ ચાલુ કરી.
- અમેરિકામાં ઉલ્ટી ગંગા : પતિઓને ખાધાખોરાકી આપતી પત્નીઓની સંખ્યામાં વધારો.
- બીજા વિશ્વયુધ્ધમાં ગુમ થયેલું બ્રિટીશ વિમાન ૭૦ વર્ષ પછી મળી આવ્યું.
- એક માત્ર ગુજરાતી કલાકાર સુપરસ્ટાર નરેસ કનોડીયાનું હિન્દી સિનેમા શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે સન્માન કરાયું છે.
- સાબરમતી જેલનો બનાવ : જેલના કેદીઓને જામીન કે પેરોલ નથી મળ્યા છતાં પિતા બને છે.
- ૨૫ વર્ષ બાદ અમેરિકા સાથે રૂા. ૩૦૦ કરોડનો તોપો ખરીદવાનો સંરક્ષણ ખાતાનો સોદો.
- ગડકરીને બીજી ટર્મ નિશ્ચિત : ભાજપે બંધારણ સુધાર્યું.
- વડોદરા જિલ્લાના આદિજાતિ વિસ્તારનો કિસ્સો : પત્ની સામે પત્ની, આડા સંબંધો લઇ આદિ પંચાયતનો નિર્ણય, પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.
- વૈશાખ મહિનાની લગ્ન મોસમમાં શહેનાઇના સૂર વિસરાયા, ડી.જે.નાં ઘોંઘાટમાં મસ્ત બનતું યૌવન.
- એર ઇન્ડિયા કટોકટી : હડતાળ યથાવત્, મુસાફરો પરેશાન.
- એમ એસ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીની કચરા પેટીમાંથી ઉત્તરવહીના ટૂકડા મળ્યા : સ્કવોર્ડે ગેરરીતિનો કેસ નોંધ્યો.
- ડુંગરી હાઇવે પર ડમ્પરમાંથી આઠ લાખના દારૂ સાથે એકની ધરપકડ
- ગીરમાં ગયા વર્ષે ૪ લાખથી વધુ પ્રવાસીઓ મુલાકાતે આવ્યા.
- ઘર ખાલી કરાવવા અમરેલીની વૃદ્ધા પર પુત્ર, પુત્રવધુ અને પતિએ અત્યાચાર ગુજાર્યો.
- અંબાજી નજીક ત્રિશુળિયા ઘાટ નજીક યાત્રિકોની બસ પલ્ટી ખાઈ ગઈ : બેના મોત - અનેક ગંભીર.
- મોકેશ્વર ડેમની કેનાલમાં ગાબડું પડતા પાણી વેડફાયું.
- કચ્છના ખાવડામાં ૩.૨ની તીવ્રતાનો આંચકો નોંધાયો.

આઈઆઈએમ બેંગલોર અને સીએસઆર મહિલા આગેવાનોને રાજકારણની તાલિમ આપશે

અમદાવાદ, તા. ૧૪

મહિલાઓ માટે સલામત અને ઉદાર ગણાતા રાજ્ય ગુજરાતના રાજકારણમાં મહિલાઓને તેમનો વાજબી હિસ્સો મળતો ન હોય તેવું લાગે છે. આનું સ્પષ્ટ ઉદાહરણ એ છે કે ૧૮૨ બેઠકો ધરાવતી ગુજરાત વિધાનસભામાં માત્ર ૧૬ મહિલા ધારાસભ્યો એટલે કે સંખ્યા ૧૦ ટકા કરતાં પણ ઓછી છે. ૨૭ સભ્યોના પ્રધાનમંડળમાં માત્ર બે મહિલાઓ છે તથા લોકસભાના ૨૬ સાંસદોમાં માત્ર એક જ મહિલા છે. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે મહિલાઓ તરફ ભેદભાવ રખાય છે તથા રાજકારણમાં તેમનું પ્રતિનિધિત્વ ઘણું ઓછું છે.

રાજકારણમાં મહિલાઓની સામેલગીરીની જરૂરિયાત સમજીને તથા નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમને સ્થાન પ્રાપ્ત થાય તે હેતુથી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોરના સેન્ટર ફોર પબ્લિક પોલીસી અને સ્વૈચ્છિક સંસ્થા સેન્ટર ફોર સોશ્યલ રિસર્ચે સાથે મળીને એક અનોખા અભ્યાસક્રમનું આયોજન કર્યું છે. મહિલાઓ માટે રાજકીય નેતૃત્વ અંગેનો આ પ્રથમ સર્ટિફિકેટ કોર્સ છે જે ઈન્ડિયા-વિમેન ઈન લીડરશીપ પ્રોગ્રામ તરીકે ઓળખાશે.

આ પ્રોગ્રામનો હેતુ ભારતીય લોકશાહીમાં રાજકારણમાં પ્રવેશતી મહિલાઓની અસરકારકતા મજબૂત કરવા માટેનો છે. તેનો ઉદ્દેશ, શાસનના વિવિધ પાસાંમાં તથા ચૂંટણી લડવાની તેમની ક્ષમતા સબળ બનાવીને તથા મહિલાઓના હક્કો માટે ઝઝુમવા તેમજ એકંદરે રાજકારણમાં સક્રિય મહિલાઓનું નેટવર્ક ઉભુ કરવા માટે મહત્વકાંક્ષી મહિલા નેતાઓને જરૂરી કૌશલ્ય, જ્ઞાન અને નિપુણતા પુરી પાડવાનો છે. આ તાલિમનો ઉદ્દેશ રાજકારણ, સામાજીક પ્રવૃત્તિઓ તથા અન્ય ભિન્ન ક્ષેત્રોમાંથી આવતી તથા રાજકારણમાં સક્રિય રસ ધરાવતી મહિલાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયો છે. ત્રણ મહિનાના આ અભ્યાસક્રમમાં પ્રવચનો, વિસ્તારોની મુલાકાતો તથા દિલ્હી અને સિંગાપોરની મુલાકાત દ્વારા ઘનિષ્ટ તાલિમ આપવાનો ઉદ્દેશ રખાયો છે. અભ્યાસક્રમની પ્રથમ બેચનો ૧૬ જુલાઈ ૨૦૧૨થી પ્રારંભ થઈ રહ્યો છે.

મતદાન મથકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ૪૨ મતદાન મથકો વધે છે તેમાં દહેગામ તથા કલોલમાં સાત-સાત ગાંધીનગર(દ)ની બેઠકમાં ૧૩, ગાંધીનગર(ઉ)માં ૯ અને માણસામાં ૬ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં નોંધાયેલા મતદારોમાં પુરૂષ મતદારોની સંખ્યા ૪,૯૬,૪૬૨ છે જ્યારે સ્ત્રી મતદારોની સંખ્યા ,૪૬૨,૫૭૯ છે. ગાંધીનગર જિલ્લામાં નવા સીમાંકન પ્રમાણે ચાર વિધાનસભા મત વિસ્તારને બદલે પાંચ વિધાનસભા મત વિસ્તાર બને છે. ગાંધીનગર(ઉ) અને ગાંધીનગર(દ) એમ આ બે નવા વિસ્તારો છે.

મતદારોની સંખ્યામાં માત્ર ૯ હજારનો વધારો થવા પામ્યો છે ત્યારે આગામી ૧લી જુનથી ૧૮ જુન દરમ્યાન આ અંગે વિશેષ ઝુંબેશ હાથ ધરાવાની છે. રાજ્યમાં મતદારયાદી શુદ્ધ અને સચોટ બને તે માટે પંચે સઘન પ્રયાસો કર્યા છે. આ વખતે પણ યુવા મતદારો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાનો નિર્ણય પંચે કર્યો છે.